વડીલોને વંદન
અભિનંદન



નીરૂબેન નાયક
(૧૯૪૩)ફોન:૨૩૨૨૬૫૪૬



ભાઈલાલભાઈ એમ. સોની
(૧૯૪૬)ફોન:૨૩૨૪૩૦૪૮

# નવા કોબા ગામની જમીનની છેતરપીંડી મામલે હજુ છ આરોપીઓ પોલીસ પકડથી દૂર

## સીટના આદેશ છતા અડાલજ પોલીસની ઢીલી નીતિ સામે અનેક પ્રશ્નાર્થ

ગાંધીનગર, તા. ૨૬

રૂપિયા એક લાખ આપીને કરોડોની જમીન હડપ કરવાનો કારસો રચી જમીન દલાલોએ નવા કોબા ગામના ખેડૂત સાથે છેતરપીંડી કરી હતી. જે મામલે ખેડૂતે સીટમાં ફરિયાદ કરતા સીટે અડાલજ પોલીસને દલાલો સહિત છ સામે ગુનો દાખલ કરી વધઉ તપાસ કરવા આદેશ કર્યો હતો. પરંતુ તેમ છતાં ફરિયાદ થયાના છ દિવસ પછી પણ અડાલજ પોલીસ છ આરોપીઓને પકડી પાડવા નિષ્ફળ રહી છે. અડાલજ પોલીસની આ ઢીલી નીતિ સામે અનેક પ્રકારના પ્રશઅનાર્થ ઉભા થવા પામ્યા છે અને અડાલજ પોલીસ છ દિવસથી હાથ પર હાથ રાખી બેસી રહી હોઈ તેવુ દેખાઈ રહ્યું છે.

નવા કોબા ગામના ભરતભાઈ કચરાભાઈ પટેલે તેમની કરોડોની સાડા છ વિઘા જમીન વેચવાની તૈયારી દર્શાવતા ગીરીરાજ પરમાર અને જગત ચૌહાણ નામના બે દલાલો ત્રણ અન્ય અજાણ્યા શેઠને લઈ થોડા સમય પહેલા લઈને આવ્યા હતા. જમીનનો સોદો નક્કી થયો અને બાના પેટે ૬ લાખ નક્કી કર્યા. એક લાખ રોકડા આપ્યા અને પાંચ લાખનો ચેક બનાવીને આપ્યો. ભરતભાઈ એક લાખ ગણવા રહ્યા ત્યાં પાંચ લાખનો ચેક દલાલોએ પરત ખિસ્સામાં સરકાવીને મુકી દીધઓ હતો. અને જતા રહ્યા હતા. બાદમાં ભરતભાઈએ ચેક અંગે ફોન કરતા તેઓએ ભુલથી ખિસ્સામાં રહી ગયો હોવાનું જણાવી કાલે આપી જશું તેમ કહ્યું હતું. બીજા દિવસે રૂ. ૫૦-૫૦ હજારના ચેક આપ્યા જે બીજાના નામના હતા. બાદમાં થોડા દિવસ બાદ ભરતભાઈને કોર્ટમાંથી નોટીસ આપી હતી અને દલાલોએ બનાવટી બનાખાત તૈયાર કરી કરોડોની જમીન હડપ કરવાનો પ્રયત્ન કર્યો હતો. આ મામલે ખેડૂતે સીટમાં ફરિયાદ કરી હતી. સીટે આદેશ કરતા અડાલજ પોલીસે છ શખ્સો સામે ગુનો દાખલ કર્યો હતો અને તપાસ શરૂ કરી હતી. પરંતુ ફરિયાદ થયાના છ દિવસ પછી પણ તમામ છ આરોપીઓ પોલીસ પકડથી દૂર છે ત્યારે કરોડોની જમીનના મામલે પોલીસની આ પ્રકારની ઢીલી નીતિ સામે અનેક પ્રશઅનો થવા પામ્યા છે.

# ઘર દીવડા યોજના હેઠળ સાત લાખથી વધુની સહાય સરકારે ચૂકવી આપી છે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ઘર દીવડા યોજના હેઠળ ૧૦૩ મહિલાઓને આર્થિક સહાય પુરી પાડવામાં આવી છે તેમ રાજ્યના મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રીએ આજે રાજ્ય વિધાનસભાગૃહમાં ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોક પટેલે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

મંત્રીશ્રીએ જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૨-૧૩માં ૬૨ મહિલાઓને તથા વર્ષ ૨૦૧૩-૧૪ માં તા. ૩૧-૧૨-૧૪ સુધીમાં ૪૧ મહિલાઓને સહાય ચુકવવામાં આવી છે.

તેમણે જણાવ્યુ કે આ બે વર્ષ દરમ્યાન કુલ ૭,૯૬,૨૦૫ રૂ.ની સહાય ચુકવવામાં આવી છે. જેમાં ૨૦૧૨-૧૩માં ૪,૭૨,૯૨૦ રૂ.ની તથા ૩૧-૧૨-૧૩ સુધીમાં ૩,૨૩,૨૮૫ રૂ.ની સહાય ચુકવવામાં આવી છે.

**● આંગણવાડી કાર્યકરોની ખાલી જગ્યા**

કોંગીના કલોલના ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોરે કલોલ તાલુકામાં આંગણવાડી કાર્યકરોની ખાલી જગ્યા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૧૨-૧૩ની સ્થિતિએ કલોલ તાલુકામાં ૩ જગ્યાઓ આંગણવાડી કાર્યકરની ખાલી છે.

આ ખાલી જગ્યાઓ બનતી ત્વરાએ ભરી દેવામાં આવશે તેમ પણ મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

**● ખેડૂતોને નુકશાન**

દહેગામના ધારાસભ્ય શ્રીમતિ કામિનીબા રાઠોડે દહેગામ તાલુકામાં ખેડૂતોના ઉભા પાકને પ્રાણીઓથી થતુ નુકશાન અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં વનમંત્રીશ્રીએ જણાવ્યું છે કે સરકાર આ હકીકતથી જાણકાર છે.

ખેડૂતોને આ પ્રાણીઓ સામે રક્ષણ મળે તે માટે ૨૦૦૫ થી વાડ બનાવવા માટે ૫૦ ટકા નાણાંકીય સહાય આપવાની યોજના જાહેર કરાઈ છે.



**વિધાનસભામાં ગાંધીનગર**
- પ્રકાશ જહા

# બીએસએનએલના બીલ ૨૮મી ફેબ્રુઆરીએ લેટ ફી સિવાય સ્વીકારવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૬

બીએસએનએલ લેન્ડલાઈન ફોનના ફેબ્રુઆરી માસના બીલ ભરવાની અંતિમ તારીખ બીલમાં ૨૭મી ફેબ્રુઆરી દર્શાવવામાં આવી છે. પરંતુ આ દિને મહાશિવરાત્રીની જાહેર રજા હોઈ ફેબ્રુઆરી માસના બીલ ૨૮મી ફેબ્રુઆરીના રોજ બધા જ કલેક્શન સેન્ટર અને કસ્ટમ કેર સેન્ટર્સ પરથી લેટ ફી સિવાય સ્વીકારવામાં આવશે. તેમ એક યાદીમાં જણાવાયું છે.

# ફૂટપાથનું બાકી કામ માર્ચમાં હાથ ધરાશે : ૬ કરોડનો ખર્ચ થશે

## વિવિધ પાંચ રસ્તાઓ આસપાસ ૨૬ કી.મી.ની ફૂટપાથ બનશે

ગાંધીનગર, તા. ૨૬

શહેરમાં ફૂટપાથનું બાકી કામ પૂર્ણ કરવા ટૂંકમાં કામગીરી હાથ ધરાશે. ઈન્ફોસીટી તેમજ રોડ નં. ૧ અને ૫ સહીતના ૨૬ કી.મી.ના રૂટમાં ફૂટપાથ નિર્માણની બાકી કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

શહેરમાં ફૂટપાથ નિર્માણની બાકી રહેતી કામગીરી સંદર્ભે ગત વર્ષ દરમિયાન તંત્ર દ્વારા સર્વે હાથ ધરાયો હતો. નગરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગો આસપાસના ૯૬ કી.મી. વિસ્તારમાં ફૂટપાથનું કામ પૂર્ણ કરી દેવાયું છે. જયારે સર્વેના અંતે વિવિધ માર્ગો પર ૨૬ કી.મી.ના રૂટમાં ફૂટપાથની કામગીરી હાથ ધરવાની બાકી હોવાનું સ્પષ્ટ થયું હતું. જેને અનુલક્ષી તંત્ર દ્વારા આ મામલે વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. જયારે વિભાગ કક્ષાએથી આ દરખાસ્તને મંજુરી આપી દેવાતા આગામી દિવસોમાં કામ શરુ કરી દેવાશે. ફૂટપાથની બાકી કામગીરી સંદર્ભે રૂ. ૬ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. સૂત્રોના જણાવ્યા મુજબ ફૂટપાથની બાકી કામગીરી હાથ ધરવા ટેન્ડર પ્રક્રીયા પણ પૂર્ણ કરી દેવાઈ છે. જયારે ટૂંક સમયમાં ટેન્ડર આખરી થયા બાદ કામ શરુ કરવામાં આવશે. શહેરમાં હાલ ૯૬ કી.મી.ના રૂટમાં સ્થિત ફૂટપાથની જાળવણીનું કામ મુશ્કેલ બન્યું છે. યોગ્ય ઉપયોગ અને લોકજાગૃતિના અભાવ વચ્ચે ફૂટપાથમાં ગાબડા અસ્તિત્વમાં આવી રહ્યા છે ત્યારે વોક વે ને યોગ્ય કરવા પણ તંત્ર દ્વારા રીપેરીંગ કામ શરુ કરી દેવાયું છે.

# વિવિધ પ્રશ્નોને લઈ નિવૃત્ત કર્મચારી મંડળે આવેદન પત્ર આપ્યુ

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી મહામંડળ દ્વારા રાજ્યના પેન્શનરોના પડતર પ્રશ્નો અને માગણીઓને લઈ મુખ્યમંત્રીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

જેમાં મંડળે જણાવ્યું હતું કે નિવૃત્ત પેન્શનરોને એસ.ટી. બસમાં રાહત આપવામાં આવે, પેન્શનરોની આવક સીમિત હોવાથી અંતિમ ક્રિયા માટે રકમ આપવામાં આવે, પેન્શનરોની બિમારીમાં ૫૦૦૦ રૂ. પર સિવિલ સર્જન અથવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડૉક્ટરની સહી માન્ય ગણવા, વિધવા, ત્યકતા, અપરણીત, પુત્રીને આજીવન પેન્શન આપવુ, તેમજ રેલવેમાં સિનિયર સિટીજનને ૫૦ ટકા રાહત આપવામાં આવે છે. તે રીતે ગુજરાત સરકાર એસ.ટી.માં રાહત આપે તેવી માગણી સાથે મુખ્યમંત્રી કાર્યાલયમાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# રાજ્યના વિવિધ ભાગમાં તાપમાનમાં ફરીવાર વધારો

## નલિયામાં તાપમાન એકાએક ઘટીને ૧૨.૧ ડિગ્રી : અપર એર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિથી ભારે ફેરફાર

અમદાવાદ, તા. ૨૬

સૌરાષ્ટ્ર અને નજીકના ગુજરાતના વિવિધ ભાગો ઉપર કેન્દ્રિત અપર એર સાયકલોનિક સરક્યુલેશનની સ્થિતિના પરિણામ સ્વરુપે હવે તાપમાનમાં સતત વધારો થઈ રહ્યો છે. ગઈકાલની સરખામણીમાં આજે તાપમાનમાં વધુ વધારો થયો છે. અમદાવાદ, ડીસા, ગાંધીનગર, વડોદરા સહિતના મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં ઉલ્લેખનીય વધારો થયો છે. લઘુત્તમ તાપમાનમાં વધારાનો સિલસિલો હજુ જારી રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. કારણ કે હવામાન વિભાગના જણાવ્યા મુજબ આસ્થિતિમાં હજુ કોઈ વધારે ફેરફાર થશે નહીં. અપર એર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ હવે દક્ષિણ પૂર્વીય રાજસ્થાન અને પડોશી વિસ્તારોમાં કેન્દ્રીત થઈ છે. આજે અમદાવાદમાં ગઈકાલની સરખામણીમાં તાપમાનમાં વધારો થયો હતો અને લઘુત્તમ તાપમાન વધીને ૧૮.૪ ડિગ્રી થયું હતું. આવતીકાલે આમાં હજુપણ વધારો થવાની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ માટેની સ્થાનિક આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, આવતીકાલે આકાશ આંશિક રીતે વાદળછાયુ રહેશે અને તાપમાન ૧૯ ડિગ્રીની આસપાસ રહેશે. જો કે, ગઈકાલની સરખામણીમાં નલિયામાં આજે તાપમાન બે ડિગ્રીથી વધુનો ઘટાડો થયો હતો અને અહીં ઠંડીનો અનુભવ લોકોએ કર્યો હતો. નલિયામાં તાપમાન ઘટીને ૧૨.૧ ડિગ્રી નોંધાયું હતું. નલિયામાં તાપમાનમાં ઘટાડાને લઈને ભારે આશ્ચર્ય જોવા મળી રહ્યું છે. બીજી બાજુ મોટાભાગના વિસ્તારોમાં હવે તાપનો અનુભવ લોકો કરવા લાગી ગયા છે.

# વિધાનસભા સત્રની તોફાની પૂર્ણાહૂતિ

## છેલ્લા દિવસે નર્મદાના વિસ્થાપિતોના પુર્નવસન તથા પુનઃસ્થાપનાના મામલે ભાજપના રાજ્યો સામે આરોપ રજુ કરી કોંગ્રેસના સભ્યો દ્વારા સભાત્યાગ

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત વિધાનસભા ટૂંકા લેખાનુદાન સત્રના આજે અંતિમ દિવસે પુરક માંગણીઓ પરની ચર્ચામાં નર્મદા યોજનાના વિસ્થાપિતો માટે ભાજપ શાસિત રાજ્યોએ પુનઃવસનની પૂરતી કામગીરી કરી નથી તેવા ધારદાર આક્ષેપ કરી ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો અને કોંગ્રેસના વોકઆઉટ સાથે વિધાનસભાનું ટૂંકુ સત્ર આજે સમાપ્ત થયું હતું.

વિધાનસભા સત્રના આજે અંતિમ દિવસે લેખાનુદાન પરની પુરક માંગણીઓ પરની ચર્ચા અને મતદાનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પુરક માંગણી પરના ચર્ચામાં કોંગ્રેસે પ્રસ્તાવ સામે જોરદાર વિરોધ નોંધાવ્યો હતો જ્યારે શાસક પક્ષે બહુમતિના જોરે માંગણીઓ મંજુર કરી લેખાનુદાનનો પુરક માંગણીઓને બહાલી આપી હતી. વિધાનસભામાં પુરક માંગણી પરની ચર્ચાના પ્રસ્તાવમાં ગૃહ વિભાગ, વિજ્ઞાન પ્રાદ્યોગિક, કૃષિ અને સહકાર, ઊર્જા અને પેટ્રોલિયમ, આરોગ્ય પરિવાર કલ્યાણ, શ્રમ અને રોજગાર, બંદરો અને વાહન વ્યવહાર, માર્ગ મકાન તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગ પર ચર્ચા હાથ ધરવામાં આવી હતી. જ્યારે બીજી તરફ ભાજપના ધારાસભ્ય બચુભાઈ ખાખંડ અંતિમ દિવસના પ્રસ્તાવમાં સરદાર સરોવર બંધની ઉંચાઈ વધારવા અને પુનઃવસન તથા પુનઃ સ્થાપન સંદર્ભમાં એનસીએની તાકીદે બેઠક બોલાવીને મંજુરી આપવા માટે જરૂરી કાર્યવાહી કરવા કેન્દ્ર સરકારને અનુરોધ કરવા સભાગૃહ ચર્ચા વિચારણા કરે તેવો પ્રસ્તાવ રજુ કર્યો હતો.

આ અંતિમ દિવસના પ્રસ્તાવમાં તેમણે જણાવ્યું હતું કે નર્મદા કંટ્રોલ ઓથોરિટી દ્વારા બંધની ૧૩૮.૬૮ મીટરની ઉંચાઈ વધારવા માટે કેન્દ્ર સરકાર મંજુરી આપીને પ્રતિદીન રૂા. ૧૦.૩૮ કરોડના વધારાના બોજને નિવારી શકે તેમ છે. આ ઉપરાંત કેન્દ્ર સરકારની નર્મદા કંટ્રોલ ઓથોરિટી પણ પર્યાવરણ પેય જૂથ પુર્નવસન અને પુનઃસ્થાપન પેય જૂથ દ્વારા ફેઝ-૧ના સ્ટ્રીલ-વે પીલર્સ પુર્ણ સુધીના દરવાજા રાખવાની સ્થિતિમાં બ્રીજ અને ગેઈટ બેસાડવાની ભલામણના આધારે એનસીએ મંજુરી આપવા સક્ષમ છે. ભાજપના ધારાસભ્ય દ્વારા નર્મદા બંધની ઉંચાઈ વધારવા કેન્દ્રને ભલામણ કરવા માટે રજુ કરાયેલા અંતિમ દિવસના પ્રસ્તાવને શાસક પક્ષ દ્વારા સર્વાનુમતે પસાર કરવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા પરંતુ કોંગ્રેસના સભ્યોએ પુર્નવસન અને પુનઃસ્થાપનના મુદ્દે ભાજપ શાસિત રાજ્યો મધ્યપ્રદેશ તથા રાજસ્થાન દ્વારા ઘોર બેદરકારી દાખવવામાં આવી રહી હોવાનો મુદ્દે ઉપસ્થિત કરી ભારે વિરોધ વ્યક્ત કર્યો હતો. અંતે આ છેવટે કોંગ્રેસના સભ્યોએ વોકઆઉટ કર્યો હતો.

# સરકાર સરચાર્જ-ઈન્ચાર્જથી જ ચાલે છે : કોંગ્રેસના પ્રહારો

## વિધાનસભાના ગૃહમાં સત્રના અંતિમ દિવસે પૂરક માંગણી પરની ચર્ચામાં કોંગી સભ્યો ખિલ્યા : સરકાર પર પસ્તાળ

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત વિધાનસભાના લેખાનુદાન સત્રના આજે અંતિમ દિવસે જુદા જુદા વિભાગોની પૂરક માંગણીઓની પરની ચર્ચામાં કોંગ્રેસના ધારાસભ્યોએ ખૂબ જ આક્રમક તેવર સાથે ભાજપ સરકાર પર ભારે શાબ્દિક પ્રહારો કર્યા હતા. અને સરચાર્જ તથા ઈન્ચાર્જથી આ સરકાર ચાલતી હોવાના આક્ષેપો પણ કર્યા હતા. કોંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડાએ આજે ફરી તેમના તોફાની અંદાજમાં મુખ્યમંત્રીને જ સીધા નિશાન બનાવ્યા હતા. તેમણે કહ્યું કે મુખ્યપ્રધાન પ્રવાસમાં વ્યસ્ત અને ગુજરાતની પ્રજા વિટંબણામાં ત્રસ્ત છે. ગુજરાતની છ કરોડની પ્રજાને બદલે માત્ર એક વ્યક્તિની જ સુરક્ષાની ચિંતા કરવામાં આવે છે.

# કૈલાસ માનસરોવરની યાત્રા માટે ઓનલાઈન અરજી

કૈલાસ માનસરોવરની યાત્રાએ જવા માંગતા યાત્રીઓ માટે ભારત સરકાર દ્વારા તા. ૫-૧-૨૦૧૪ તથા તા. ૨૩-૨-૧૦૪ના રોજ સંદેશ ન્યુઝ પેપરમાં જાહેરાત આપવામાં આવી છે. ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તા. ૫-૩-૨૦૧૪ અને પેપર અરજી કરવાની છેલ્લી તારીખ તા. ૧૦-૩-૨૦૧૪ છે. આ માટેનું માર્ગદર્શન અને વિના મુલ્યે ઓન લાઈન ફોર્મ ભરવા માટે શ્રી ક્રિષ્નકુમાર રાણાનો મોબાઈલ નં. ૯૪૨૭૪ ૧૯૦૧૨ પર સંપર્ક સાધી શકાય છે. ઓન લાઈન ફોર્મ ભરવા માટે http://mea.gov.in/kmy પર લોગઓન કરવું.

# Public Notice

Notice is hereby given that the following sub-broker is no longer affiliated as sub-broker of M/s. HORNIC INVESTMENT PVT. LTD. registered trading member of BSE and NSE Ltd. bearing SEBI Reg. No. BSE : INB010814839 and NSE Number INB230814838 having the registered office at 201/206 Fort Foundation Bldg., M.C.C. Lane, Kala Ghoda, Fort, Mumbai - 400 001. Any person henceforth dealing with below mentioned sub-broker should do so at their own risk Hornic Investment Pvt. Ltd. shall not be liable for any dealing with them.

**Sub-Broker Trade Name :**

SUBHLAKSHMI INVESTMENT

**SEBI Reg. No. & Date :**

BSE INS011114027/01-08148 Dated : 17/07/2001.
NSE INS231060828/23-08148 Dated : 11/05/2001.

**Reg. Office address :**

134, First Floor, Meghmalhar Complex,
Sector-11, Char Road, Gandhinagar - 110 001.

Date : 27/2/14
Place : Mumbai

For
**Hornic Investment Pvt. Ltd.**
**Lalit Daga / Anil Daga**

**જે કેસોમાં જમીન સંપાદન સામે હિતસંબંધ ધરાવતા ઈસમો તરફથી વાંધો લેવામાં ના આવેલ હોય તેવા કિસ્સાઓમાં જિલ્લાના કલેક્ટરે બહાર પાડેલ જમીન સંપાદન અધિનિયમની કલમ-૬ હેઠળનું**

## આખરી જાહેરનામું

**જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)**

**જિલ્લો : સાબરકાંઠા**
**ક્રમાંક : એલએક્યુ/કેસ નં. ૩૦/૨૦૧૦**

ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પુરતા જમીન સંપાદન અધિનિયમનો ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)ની કલમ ૫૨-ક ની પેટા કલમ(૨) થી મળેલી સત્તા હેઠળ બહાર પાડેલા તા. ૨૨/૧૨/૮૧ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : એ.એમ. ૮૧/૧૨૨૫/એમ / એલ એ ક્યુ-૧૦૮૧-ઘ થી સદરહુ અધિનિયમની કલમ ૧૭ હેઠળ મધ્યસ્થ સરકાર માટે અને તેના વતીના જમીન સંપાદન કરવાના કેસો સદરહુ અધિનિયમના ભાગ-૭ હેઠળ કંપનીઓ માટે જમીન સંપાદન માટે આખરી જાહેરનામુ બહાર પાડવાની સત્તાઓ સિવાયની અને જે કેસોમાં જમીન સંપાદનની કાર્યવાહી સામે કલમ-૫-અ હેઠળ વાંધાઓ લેવામાં આવેલ ન હોય તેવી કલમ-૬ હેઠળ આખરી જાહેરનામુ બહાર પાડવાની રાજ્ય સરકારની સત્તા જિલ્લા કલેક્ટરને સોંપવામાં આવી છે.

સાબરકાંઠા જિલ્લા કલેક્ટરના તા. ૨૯/૫/૨૦૧૩ના જાહેરનામા નં. એલએક્યુ / કલમ-૪/વશી/૮૭૬/૨૦૧૩ રજા.નં. ૫૭ અન્વયે એવું નિર્દિષ્ટ કરવામાં આવ્યું હતું આ સાથેની અનુસુચિમાં દર્શાવે જમીનો/જમીન (હવે પછી જેનો ઉલ્લેખ ઉક્ત જમીન/જમીનો તરીકે કર્યો છે.) આ સાથેની અનુસુચિના ખાના-૪માં જણાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂરી બનવાનો સંભવ છે.

અને જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)ની કલમ-૫-કની પેટા કલમ (૨) મુજબના કલેક્ટર ખાસ જમીન સંપાદન અધિકારી હિંમતનગરના અહેવાલને વિચારણામાં લીધા બાદ જિલ્લાના કલેક્ટરને એવી ખાતરી છે કે, હિત સંબંધ ધરાવતા ઈસમો તરફથી કોઈ વાંધો લેવામાં આવેલ નથી અને ઉક્ત જમીન/જમીનો આ સાથેની અનુસુચિના ખાના-૪માં દર્શાવેલ સાર્વજનિક હેતુ માટે સરકારી ખર્ચે સંપાદિત કરવી જરૂરી છે.

આથી ઉક્ત અધિનિયમ કલમ-૬ જોગવાઈ અન્વયે એવું જાહેર કરવામાં આવે છે કે, ઉક્ત જમીન/જમીનો આ સાથેની અનુસુચિમાં ખાના-૪માં દર્શાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

તા. ૧૧/૧૦/૧૯૬૩ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : એલએક્યુ - ૨૨૬૨/૬૯૧૭૭-કે સાથે વાંચવામાં આવતા જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ની કલમ-૩ ખંડ (ગ) અન્વયે આથી ઉક્ત જમીન / જમીનો અંગે હવે પછી હાથ ધરાવવાની થતી બધી કાર્યવાહીઓ બાબતમાં કલેક્ટરની ફરજો બજાવવા માટે વડાલી તાલુકાનો હવાલો ધરાવતા ખાસ જમીન સંપાદન અધિકારી હિંમતનગરને નીમવામાં આવે છે. ઉક્ત જમીન/જમીનોના સંપાદન માટેનો હુકમ મેળવવાનું પણ ઉક્ત અધિનિયમની કલમ-૭ અન્વયે સાથે તા. ૧૧/૧૦/૬૩ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક એલએક્યુ ૨૨૬૨/૬૯૧૭૭-કે વાંચતા તેમને ફરમાવવામાં આવે છે.

ઉક્ત જમીન / જમીનોનો નકશો વડાલી તાલુકાનો હવાલો ધરાવતા ખાસ જમીન સંપાદન અધિકારી હિંમતનગરની કચેરી ખાતે તપાસી શકાશે.

**અનસુચિ-૧**

**કેસ નં. ૩૦/૧૦**

**જિલ્લો : સાબરકાંઠા** **તાલુકો : વડાલી** **ગામ : દાંત્રોલી**
**જાહેર હેતુ : ભવાનગઢ-દાંત્રોલી રોડ સારૂ**

| સર્વે નંબર | સંપાદિત થતી જમીનનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. |
|---|---|
| ૪૭<br>(૪૭ પૈકી ૧ + ૪૭ પૈકી ૨) | ૦.૧૩.૮૮ જરાયત<br>૦.૧૦.૧૨ ખરાબો |

સહી/-
(આશા શાહ)
ખાસ જમીન સંપાદન અધિકારી
સાબરકાંઠા, હિંમતનગર

સહી/-
(બંછાનિધિ પાની)
કલેક્ટર
સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર

ક્રમાંક : ના.મા.નિ./હિંમત/૫૩૯/૨૦૧૪

# બાળકો કુપોષિત

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

અતિ ઓછા વજન ધરાવતા બાળકો ગાંધીનગર ઘટક-૧માં ૨૪૫, ગાંધીનગર ઘટક-૨ માં ૨૪૫, દહેગામ ઘટક-૧માં ૧૯૭, ઘટક-૨માં ૪૭૭, કલોલમાં ૫૯૯ અને માણસામાં ૮૬ બાળકો છે.

તેમણે જણાવ્યું છે કે આ કુપોષણ નિવારણ માટે રાજ્ય સરકારે નવ જેટલા મહત્વના કદમો ઉઠાવ્યા છે. તેમજ મિશન બલમસુખમ અંતર્ગત ત્રિસ્તરીય સેવાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

જોઈએ છે
• LED TV • LCD TV
• Colour TV
જુના બંધ હાલતમાં
શૈલેષભાઈ : ૯૭૧૪૧ ૯૮૩૬૬

ચિત્રલેખા-ટ્રાન્સમીડિયાનો 'બેસ્ટ પ્લે' એવોર્ડ વિનર
તા. 3 (સોમ) રાત્રે ૯.૩૦ ટાઉનહોલ (ગાંધીનગર) એ.બુ.હોલ પર
તા. ૨ (રવિ) ટાઉનહોલ (અમદાવાદ) આખો દિવસ
અંતિમ અપરાધ
રાજેન્દ્ર બુટાલા પ્રસ્તુત
ખુરશીમાં ઊભા કરી દેતું શ્વાસને થંભાવી દેતું
કોમેડી થ્રીલર
બ્લોક બુકિંગ-શરદશ્રી મેમ્બરશિપ તથા ગુજરાત શો સંપર્ક : હરદ્વાર ગોસ્વામી
98792 48484 તમામ પ્રકારના શો ઓર્ગેનાઈઝર

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ટચૂકડી જાહેર ખબર
પાનકાર્ડ
ઘરે બેઠા પાન કાર્ડ કઢાવો માત્ર રૂ. ૨૦૦/-માં
સરકારની યોજના નેશનલ પેન્શન સ્કીમમાં ખાતુ ખોલાવો અને આપનું ભવિષ્ય સુરક્ષિત કરો.
વધુ માહિતી માટે
મો. : ૯૯૨૪૪ ૪૬૬૪૫

**નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીની કચેરી,**
**બ્લોક નં. ૮, ૪થો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર**
**ફોન નંબર : ૨૩૨૫૯૩૫૨/૨૩૫૯૩૫૬**

આ કચેરીના કોમ્પ્યુટર્સ અને સંલગ્ન હાર્ડવેર્સ માટે એ.એમ.સી. કરવાનો હોઈ, રસ ધરાવતી પેઢીઓએ રૂ. ૫૦૦/- રોકડમાં ચુકવી પ્રાઈઝ ટેન્ડર ફોર્મ કચેરી સમય દરમિયાન તા. ૧૫/૩/૨૦૧૪ સુધી મેળવી લેવાના રહેશે. ટેન્ડરની શરતો ચીજ-વસ્તુઓ પુરી પાડવા અંગેના વિગતવાર વર્ણન ટેન્ડર ફોર્મમાં દર્શાવવામાં આવેલ છે.

ઈ.ચા. નિયામક
સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી
ગાંધીનગર

માહિતી/૨૭૦૨/૧૩-૧૪

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯